| PUBLICATION NAME : | NavGujarat Times |
|---|---|
| EDITION : | Surat |
| DATE : | 31/3/2022 |
| PAGE : | 5 |

# એમએસએમઈની વૃદ્ધિને વેગ મળ્યો છે, તેમને મજબૂત કરવાની તાતી જરૂર છે: નારાયણ રાણે

■ **બ્યુરો દ્વારા**

■ **અમદાવાદ, તા. ૩૦**

કેન્દ્રીય એમએસએમઈ મંત્રી નારાયણ રાણેએ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (એમએસએમઈ) અને આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા આયોજિત એમએસએમઈની સ્પર્ધાત્મકતા અને વૃદ્ધિ પર બે-દિવસીય મેગા સમિટનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના (એમઓએસ) કેન્દ્રીય એમએસએમઈ મંત્રી ભાનુપ્રતાપસિંહ વર્મા પણ ઉપસ્થિત હતા. આ બે-દિવસીય સમિટમાં એમએસએમઈ ક્ષેત્રમાં વૃદ્ધિ, પડકારો અને તકો પર ચર્ચા સત્રો અને પેનલ ચર્ચા જોવા મળશે તથા ભારત, સિંગાપોર પેરુ, રવાન્ડા, મ્યાનમાર, રશિયા, ઉઝબેકિસ્તાન, સ્પેન અને ઈરાનમાંથી વક્તાઓ અને નિષ્ણાતો સમિટમાં તેમના અનુભવો વહેંચશે. આ સમિટમાં દુનિયાભરના ઉદ્યોગસાહસિકો, શિક્ષાવિદો, નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગના આગેવાનો, વિચારશીલ નેતાઓ, બિઝનેસ ચેમ્બર્સ, ઔદ્યોગિક સંગઠનો, સ્ટાર્ટ અપ્સ, સામાજિક પ્રભાવ સસ્થાઓ, એમએસએમઈ અને સ્વયંસહાય જૂથો પણ સામેલ થઈ રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, આ કોન્ફરન્સમાં રાણેએ દેશની જીડીપીમાં એમએસએમઈના મહત્વ પર ભાર મુક્યો હતો.